ગાંધીનગર સમાચાર

## દાગીના ધોઈ આપવાના બહાને સોનું સેરવી લેતા બે વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકાના મુનપુર ગામે શનિવારે નડિયાદના બે શખ્સોએ સોનાના દાગીના ધોઈ આપવાના બહાને એક વૃદ્ધા સાથે રૂ. ૩૫ હજારની છેતરપિંડી કરી અંદાજે ૧૫ ગ્રામ સોનુ સેરવી લેતાં બંને વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. મુનપુર ગામે રહેતા બ્રિજેશભાઈ લક્ષ્મણભાઈ પટેલના ઘરે શનિવારે નડિયાદના પવન જગદીશકુમાર શાહ અને દિનેશ શંકરલાલ કંસારા આવ્યા હતા. ત્યારબાદ બ્રિજેશભાઈની માતાને સોનાનો દોરો ધોઈ આપવાના બહાને તેમની પાસેથી લીધો હતો. ત્યારબાદ તેમાં કોઈ કેમિકલ નાખી અંદાજે રૂ. ૩૫ હજારનું ૧૫ ગ્રામ સોનું સેરવી લીધું હતું.

## ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી ક્રુઝર જીપની ચોરી

ભિલોડા, તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા વિસ્તારમાં આવેલ ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી રૂા.૪,૦૦,૦૦૦/- ની કિંમતની ફોર્સ ક્રુઝર જીપ અજાણ્યા તસ્કરો ગત રાત્રે ચોરી કરી પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ તંત્ર નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારે છે તેમ લોકમુખે ચર્ચાય છે. ભિલોડાના હાર્દસમા વિસ્તારોમાં ઠેર-ઠેર રેસીડેન્ટ વિસ્તારોમાં નાના-મોટા ચોરીઓના બનાવો પણ અવાર-નવાર બનતા હોય છે. તસ્કરોને જાણે કે પોલીસ તંત્રનો બિલકુલ ડર રહ્યો નથી તેમ લોકમુખે ચર્ચાય છે.

# મોડાસા નગરપાલિકામાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતા તડજોડનું રાજકારણ ગરમાયુ

મોડાસા, તા. ૬

મોડાસા પાલિકાના પરિણામોમાં મતદારોએ એકપણ પક્ષને સ્પષ્ટ બહુમતી નહી આપી ફરી તડજોડનું રાજકારણ રમવું પડે તેવી સ્થિતિ સર્જી છે. ભાજપ બહુમતી માટે એક બેઠક દૂર એટલે કે ૧૮ બેઠકો પર જીત્યો છે. તો સામે કોંગ્રેસના ૧૦ અને અપક્ષ ૮ ઉમેદવારો વિજેતા બન્યા છે. સંજોગોમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો અપક્ષના ટેકાથી સત્તા રચવાનો મનસુબો બનાવી રહ્યા છે. જેને લઈ રાજકારણ ગરમાયું છે.




મોડાસા નગરપાલિકાની ૩૬ બેઠકો પૈકી ભાજપ ૧૮ બેઠકો પર, કોંગ્રેસ ૧૦ બેઠકો પર તેમજ અપક્ષ ૮ બેઠકો પર વિજેતા બન્યા છે. પાલિકામાં સત્તા સ્થાને બેસવા માટે ૧૯ બેઠકોની જરૂર હોઈ ભાજપને માત્ર એક નગરસેવકના ટેકાની જરૂરિયાત છે. ત્યારે શહેર ભાજપ પ્રમુખ ધિરેનભાઈ પ્રજાપતિના જણાવ્યા મુજબ પાલિકામાં ભાજપ પાસે ૧૮ સદસ્યો છે. જ્યારે વોર્ડ નં. ૯માંથી ચૂંટાયેલા ચારેય અપક્ષ સભ્યો ભાજપને ટેકો આપશે. એમના ટેકાથી અમે પાલિકાની શાસનધુરા ફરી સંભાળીશુ. જોકે અપક્ષ ઉમેદવારોનો સત્તામાં સમાવેશ કરાશે એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે હું કહી ના શકું, પ્રદેશ સંગઠન અંગે નિર્ણય કરશે.

જ્યારે શહેર કોંગ્રેસ પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયાએ પણ પાલિકા હસ્તગત કરવા સક્રિય હોવાનું જણાવતાં ઉમેર્યું કે અપક્ષ ઉમેદવારો પક્ષની વિચારસરણીના આધારે કોંગ્રેસને ટેકો આપશે અને તેમના સહયોગથી કોંગ્રેસ પક્ષ પાલિકા પ્રમુખપદ માટે દાવેદારી નોંધાવશે.

### ...તો ભાજપ કોંગ્રેસ બંને ૧૮-૧૮ થાય

હાલ ભાજપ પાસે ૧૮ સભ્યો છે. સત્તા હાંસલ કરવા એક સભ્યની જરૂર છે. અપક્ષ ઉમેદવાર ટેકો આપે તો ભાજપનું કામ આસાન બની જાય. બીજી બાજુ ૮ અપક્ષો કોંગ્રેસને ટેકો આપે તો કોંગ્રેસનું સંખ્યાબળ પણ ૧૮ થાય. સંજોગોમાં પ્રમુખ પદની ચૂંટણી સમયે હાજર સભ્યોનું વલણ મહત્વનું બની રહેશે ત્યારે શાસનધુરા સંભાળવા ભાજપ અને કોંગ્રેસ બેઉ સક્રિય બન્યા છે.

## ભાણપુર વસાહત પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા બાઈકચાલકનું મોત

હિંમતનગર, તા. ૬

વડાલી તાલુકાના ભાણપુર વસાહત પાટીયા પાસેથી શનિવારે પસાર થઈ રહેલ અજાણ્યા વાહને બાઈક નં. જીજે.૯.એકે.૩૬૬૦ને ટક્કર મારતા બાઈક ચાલક રામજીભાઈ સરદારભાઈ પટેલનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. અકસ્માત કરીને અજાણ્યો વાહન ચાલક ભાગી ગયો હતો. જે અંગે જેઠાભાઈ સરદારભાઈ પટેલે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઉમેદગઢમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું

હિંમતનગર, તા. ૬

ઈડર તાલુકાના ઉમેદગઢ ગામે આવેલ એક બંધ મકાનને શનિવારે રાત્રે અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી ઘરનો સામાન વેર-વિખેર કરી નાખ્યો હતો. તેમજ અન્ય એક મકાનને પણ નિશાન બનાવતા લોકો જાગી ગયા હતા. જેથી તસ્કરો ભાગી ગયા હતા.

ઉમેદગઢ ગામના લીલાબેન હરિપ્રસાદ ઠાકર, ચીમનભાઈ શંકરલાલ પંચાલ અને સુરેશભાઈ નાથાભાઈ પંચાલનો પરિવાર ધંધાર્થે બહારગામ રહેતો હોવાથી તેમના મકાન બંધ રહે છે. દરમિયાન શનિવારે રાત્રે તસ્કરોએ ચીમનભાઈ પંચાલના બંધ મકાનમાંથી ઘુસીને ઘરવખરી વેર-વિખેર કરી નાખી હતી. તેમજ સુરેશભાઈના મકાનના તાળા તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમના મકાનમાં ઉપરના માળે રહેતા ભાડુઆત જાગી જતા તસ્કરો તરત જ ભાગી ગયા હતા.

# બનાસડેરીની ચૂંટણીમાં પરથીભાઈ ભટોળને દાંતીવાડાના પરથીભાઈ ચૌધરીનો ખુલ્લો પડકાર

**દાંતીવાડાના બિનહરીફ વિજેતા ડીરેક્ટરે બનાસ ડેરીના વહીવટ અંગે અનેક સવાલો ઉઠાવ્યા : કર્મચારીઓની ભરતી સહિત ખરીદ વેચાણની બાબતમાં ભ્રષ્ટાચાર અંગે ખુલાસો કરવા તાકીદ**



પાલનપુર, તા. ૬

બનાસડેરીના સંચાલક મંડળની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બનાસ ડેરીના દાંતીવાડા મત વિભાગમાંથી બિનહરીફ વિજેતા બનેલ ડીરેક્ટર પી.જે. ચૌધરીએ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળના શાસન સામે અનેક સવાલો ઉઠાવી કર્મચારીઓની ભરતી અને ખરીદ-વેચાણની બાબતમાં ભ્રષ્ટાચાર અંગે જાહેરમાં પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી ખુલાસો કરવા કાયદેસર પત્ર લખી ખુલ્લો પડકાર ફેંક્યો છે.

બનાસડેરીના સંચાલક મંડળની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન ચાલી રહ્યું છે. ત્યારે બનાસ ડેરીના દાંતીવાડા મત વિભાગમાંથી બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવાર પરથીભાઈ જેઠાભાઈ ગુડોલ (પી.જે. ચૌધરી)એ તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળને પત્ર લખી બનાસ ડેરીના પ્રજાલક્ષી અને પારદર્શક વહિવટ અંગે તેઓને મળેલી રજૂઆતો બાબતે અને તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ ઉપર થયેલ ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે ખુલાસો કરવા ખુલ્લો પડકાર ફેંક્યો છે. પી.જે. ચૌધરીએ લખેલા પત્રમાં તેઓ ચૂંટણી પ્રચાર અર્થે મતદારો સમક્ષ ગયા ત્યારે મતદારોએ જે રજૂઆતો કરી તે મુજબ તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળે બનાસ ડેરીમાં કર્મચારીઓની ભરતીમાં માત્ર પાલનપુર તાલુકાને અને તેમના સગા-વ્હાલાઓને ખુબ જ પ્રાધાન્ય આપ્યું છે. બનાસડેરીના કુલ ૨૩૭૨ કર્મચારીઓ પૈકી ૧૦૫૧ (૪૪ ટકા) કર્મચારીઓ પાલનપુર તાલુકાના ભરતી કરેલા છે. જ્યારે દાંતીવાડા તાલુકાના માત્ર ૩૦ કર્મચારીઓ એટલે કે ૧.૨૬ ટકા જ છે.

# ઘઉઆ નદીમાંથી ખનિજ ચોરી કરતી ૩ ડમ્પર અને ૨ ટ્રક પકડાઈ

હિંમતનગર, તા. ૬

ઈડર તાલુકાના વડીયાવીર અને બડોલી ગામ પાસેથી પસાર થતી ઘઉઆ નદીમાંથી રોજબરોજ ખનિજ ચોરો રોયલ્ટીની ચોરી કરીને સરકારને નુકશાન પહોંચાડી રહ્યા છે ત્યારે રવિવારે વડીયાવીરના ગ્રામજનોએ તંત્રને સહકાર આપતા મામલતદારે ત્રણ ડમ્પર અને બે ટ્રકને ઝડપી લીધી હતી.

આ અંગે વડીયાવીરના સરપંચ રઘજીભાઈ ચેનવા, માજી સરપંચ દિનેશભાઈ પટેલ તેમજ ૫૦થી વધુ ગ્રામજનોએ રવિવારે એકત્ર થઈને ઘઉઆ નદીમાં જઈને હલ્લાબોલ કર્યો હતો. ત્યારબાદ તલાટી કમ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં રેતી ભરી જતી ટ્રક નં. જીજે.૧૮.એયુ.૭૮૮૫ને પકડી લીધી હતી. પરંતુ તલાટી તથા ગ્રામજનો મામલતદાર આર.જી. ત્રિવેદી, સર્કલ ઓફીસર એ.કે. પટેલ તથા ડી.એસ. દરજીને લઈ ઘઉઆ નદીના પટમાં ગયા હતા ત્યારે વડીયાવીર પંચાયત આગળ ઉભી રખાયેલ ટ્રકનો ચાલક ટ્રક લઈને ભાગી ગયો હતો.

બીજી તરફ નદીમાં ઉભા રહેલા ટ્રક અને ડમ્પરના ડ્રાઈવરો ગ્રામજનો તથા અધિકારીઓને જોઈ જતા ભાગી ગયા હતા. ત્યારબાદ મામલતદારે ટ્રક નં. જીજે.૯.વી.૧૩૬૮ તથા ત્રણ ડમ્પરને પકડી લીધા હતા.

## મેઘરજ ખાતે નવી ૧૦૮નું ઉદ્ઘાટન કરાયું



મેઘરજ તાલુકાને નવી ૧૦૮ ગાડી ફાળવવામાં આવી. જેનું ઉદ્ઘાટન મેઘરજ રેફરલ હોસ્પિટલ ખાતે શુક્રવારના રોજ ડૉ. સેતલાનાબેન, ૧૦૮ના ઈએમટી દિનેશ ડામોર, તથા પાઈલોટ નરપતસિંહ ચૌહાણ, કમલેશ મકવાણા અને હિરેન પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. મેઘરજથી રેલ્લાવાડા તરફના અંતરિયાળ વિસ્તારનું અંતર ૨૫ કિ.મી. જેટલુ વધી જાય છે ત્યારે આ વિસ્તાર માટે એક અલગથી ૧૦૮ ગાડી ફાળવવામાં આવે તેવી માંગણી આ વિસ્તારના લોકો દ્વારા કરવામાં આવી રહી છે.

# દીપડો કાંટાની વાડમાં ફસાયેલી હાલતમાં નજરે પડતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ


પાલનપુર, તા.૬

લાખણી તાલુકાના દેતાલ (દરબારી), જસરા



નાસી ગયા હતા અને દીપડાની વાત ગામ લોકોને કરી હતી. ત્યારબાદ ગામના લોકોએ વનવિભાગ અને પોલીસને જાણ કરતા બંને વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને દીપડાને પકડવાની તજવીજ હાથ ધરી હતી. ઘટના સ્થળેથી મળતી માહિતી મુજબ દીપડાના એક પગમાં તારનો વાયર ફસાયેલ હોવાથી તે કાંટાના થોરમાં ફસાઈ ગયો હતો. જો કે દીપડાએ બહાર નીકળવા માટે કલાકો સુધી પ્રયત્ન કરવા છતાં ન નીકળતા શારીરિક રીતે થાકી જતા આખરે નાદુરસ્ત અવસ્થામાં જોવા મળ્યો હતો અને પરંતુ આસપાસના લોકોનું ટોળું

**છેલ્લા બે ત્રણ દિવસથી બનાસકાંઠા જિલ્લામાં દીપડાના ખોફથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ**



તેમજ ડોડીયા ગામે બુધવારે રાત્રે દિપડાએ દેખા દીધી હતી. જયાં વહેલી સવારે છ ખેડૂતો ઉપર હુમલો કરી તેમને ગંભીર ઈજા પહોંચાડતા સમગ્ર ગામમાં ભારે ફફડાટ પ્રસરી ગયો હતો. જો કે રવિવારના સવારના સુમારે પાલનપુર તાલુકાના રાણાવાસના ગામની સીમમાં થોરની કાંટાની વાડમાં દીપડો ફસાયેલો નજરે પડતા ગામમાં લોકો ભયથી ફફડી ગયા હતા.

સવારના સુમારે ગામના સ્થાનિક રહીશ હીરાભાઈ માળી નિયત સમય મુજબ ગામની ડેરીમાં દૂધ ભરવા જતા તે દરમિયાન કાંટાના થોરમાં દીપડો નજરે પડતા તેઓ દૂધની બરણી ત્યાં જ મુકી બુમાબુમ કરતા દીપડાના ડરથી ગામ તરફ જોઈને દીપડો ખુબ જ ક્રોધિત અવસ્થામાં હોવાથી વનવિભાગની ટીમના અધિકારીઓએ ઈકવીલાયઝર રાયફલથી દિપડાને બેહોશ કરી પાંજરામાં પુરવાની કવાયત હાથ ધરી હતી.

## લાલાવાડા મુકામે કૃષિ સેમિનાર અને પ્રદર્શન યોજાયું

તા.૫ ડિસેમ્બર વિશ્વ જમીન સ્વાસ્થ્ય દિવસની ઉજવણી અંતર્ગત પાલનપુર તાલુકાના લાલાવાડા મુકામે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.ગૌરવ દહીયાના અધ્યક્ષસ્થાને કૃષિ સેમિનાર અને પ્રદર્શન યોજાયું હતુ. ૨૦૭ ખેડુતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. લાભાર્થી ખેડુતોને બાયો ફર્ટીલાઈઝર અને માઈક્રોન્યુટ્રીયન્ટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ સેમિનારમાં સોઈલ હેલ્થકાર્ડનો ઉપયોગ, રાસાયણીક ખાતરોનો સમતોલ-કાર્યક્ષમ ઉપયોગ, જૈવિક ખાતરો, સૂક્ષ્મ તત્વોની ઉણપો અને તેને દૂર કરવાના ઉપાયો વગેરે અંગે કૃષિના વૈજ્ઞાનિકો ધ્વારા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

# બનાસકાંઠાના પશુપાલકોના હિતમાં બનાસ ડેરી દ્વારા રાજસ્થાનના દૂધની ખરીદીમાં કાપ

**વહિવટદારના શાસનમાં દૈનિક દૂધ કલેક્શનમાં વધારો થતાં લેવાયેલો નિર્ણય : રાજસ્થાનથી ખરીદાતા દૂધમાં સપ્તાહમાં બે દિવસ કાપ મુકાશે**

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના પશુ પાલકોની જીવાદોરી સમાન બનાસડેરીમાં છેલ્લા કેટલાંક સમયથી વહિવટદારનું શાસન આવતા જિલ્લામાંથી આવતા દૂધના કલેક્શનમાં દૈનિક ૧૦ લાખ લીટર જેટલો નોંધપાત્ર વધારો થતાં બનાસડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના પશુ પાલકોના હિતમાં રાજસ્થાનથી દૈનિક ધોરણે ખરીદવામાં આવતા દૂધમાં સપ્તાહમાં બે દિવસ કાપ મુકી દેવાયો છે. જેથી આ બાબતે બનાસડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ તેમજ તેમના મળતીયાઓ દ્વારા જિલ્લાનું દૂધ પણ ખરીદવાનું બંધ કરાશે તેવી ફેલાવાતી અફવાઓનું બનાસ ડેરી દ્વારા ખંડન કરાયું છે.

બનાસડેરીમાં વર્ષોથી એક હથ્થુ શાસન ચલાવતા તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા આચરાયેલા ભ્રષ્ટાચાર, ભરતી કૌભાંડ બાબતે હાઈકોર્ટનું ધ્યાન દોરાતા હાઈકોર્ટે તપાસના આદેશ કરી બનાસડેરીમાં વહીવટદારની નિમણુંક કરી હતી. ત્યારે તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળના શાસનમાં ડેરીમાં દૈનિક અંદાજીત ૩૦ લાખ લીટર દૂધની આવક હતી. જ્યારે રાજસ્થાનથી દૈનિક બે લાખ લીટર જેટલું દૂધ ખરીદવામાં આવતું હતું. જ્યારે હવે, વહીવટદારનું શાસન આવતા પશુપાલકોને પુરતો ભાવ અને અન્ય સવલતો વધુ મળવા લાગતા અન્ય ખાનગી ડેરીઓમાં દૂધ ભરાવતા પશુ પાલકો પણ બનાસડેરી તરફ વળતા બનાસ ડેરીના દૈનિક દૂધ કલેક્શનમાં ૧૦ લાખ લીટર ઉપરાંતનો નોંધપાત્ર વધારો થયો છે. બનાસડેરીમાં હાલ દૈનિક ૪૫ થી ૪૬ લાખ લીટર દૂધની આવક થઈ રહી છે.

દૂધની દૈનિક આવકમાં અનેક ગણો વધારો થતાં બનાસકાંઠા જિલ્લાના પશુ પાલકોના હિતને કોઈ પ્રકારનું નુકશાન ન થાય તેમજ દૂધ અને દૂધની બનાવટોનો પણ યોગ્ય રીતે નિકાલ થાય તે માટે બનાસડેરી દ્વારા હાલ પુરતુ રાજસ્થાનથી ખરીદવામાં આવતા દૂધમાં કાપ મુકી દેવાયો છે. હાલ રાજસ્થાનથી દૈનિક ધોરણે દૂધ ખરીદવામાં આવતું હતું તેની જગ્યાએ સપ્તાહમાં બે દિવસ કાપ મુકી પાંચ દિવસ જ દૂધની ખરીદી કરવામાં આવી રહી છે.

# ચાડા નજીક કાર પલ્ટી મારતા યુવતીનું મોત

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્માના ચાડા ગામ નજીક શનિવારે એક કાર પલ્ટી મારી જતા યુવતીનું મોત નિપજયું હતું.

નડીયાદના બાબુભાઈ નારણભાઈ પરમાર, રિધ્ધીબેન અરવિંદભાઈ કાછીઆ પટેલ, ડાભી (રહે. નડીયાદ) પોતાની ગાડી પરનો કાબુ ગુમાવી દેતા રોડ પરથી નીચે ઉતરી પલ્ટી મારી દીધી હતી જેથી તેઓને શરીરે તથા પગે ઈજાઓ પહોંચી હતી. જયારે રિધ્ધિબેનને શરીરે ગંભીર ઈજાઓ થતા માથાના ભાગે ઈજાઓ થઈ હતી જેથી બંનેને ૧૦૮ મારફતે



વેગનઆર નં. જીજે-૭-બીએન-૪૫૬૭ લઈ ભિલોડા તાલુકાના ઓડ ગામે લગ્ન પ્રસંગમાં આવેલ હતા ત્યાં લગ્ન પતાવી અંબાજી જવાની ઈચ્છા થતા તેઓ અંબાજી જવા નીકળ્યા હતા ત્યારે ખેડબ્રહ્માથી આગળ રાધીવાડ અને ચાડા ગામની વચ્ચે બાઈક આવી જતા ડ્રાઈવર જુવાનસિંહ રતનસિંહ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા જયાં રિધ્ધિબેનને વધુ સારવારની જરૂર હોઈ ઈડર રીફર કરવામાં આવ્યા હતા જયાં રસ્તામાં તેઓનું મોત નિપજયું હતું. બાબુભાઈ નારણભાઈ પરમારે ડ્રાઈવર જુવાનસિંહ વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી બાવન ગોળ કડવા પાટીદાર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ રેલવે સ્ટેશન જીઈબી પાછળ આવેલા બાવન સમાજની વાડી ખાતે રવિવારના રોજ સ્નેહમિલન કાર્યક્રમ તથા સમાજના તારલાઓનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જયારે આ પ્રસંગે છેક કોલેજ સુધીના સમાજના તેજસ્વી તારલાઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે આ પ્રસંગે સમાજના આગેવાનો દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં ચંપકભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, વિજયભાઈ પટેલ, હિતેષભાઈ પટેલ સહિત પ્રાંતિજ તથા તાલુકામાંથી બાવનગોળ કડવા સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમાજના બાળકો-યુવા પેઢીને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## દિલ્હી પછી યુફલેક્સ હવે સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગ અમદાવાદને સહયોગ આપશે

ભારતની સૌથી મોટી ફલેકસીબલ પેકેજિંગ કંપની યુફલેક્સે સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગના અમદાવાદ ચેપ્ટરને આગામી પાંચ વર્ષ સુધી સહકાર આપવાની પ્રતિજ્ઞા લીધી છે. એસએસએફએલ તે દેશની સૌથી મોટી ફૂટબોલ લીગ છે. આ વર્ષે ઓગષ્ટમાં એસએસએફએલ, દિલ્હીનો બીજા વર્ષમાં પ્રવેશ થયો હતો. યુફલેક્સનો સંપૂર્ણ સહકાર છે. આ ફોરમમાં બીજા વર્ષે ૨૮૮ સ્કૂલોમાંથી ૩૨ ગર્લ્સ ટીમ અને ૨૫૬ બોયઝ ટીમોએ ભાગ લીધો હતો. એસ એસ એફ એલ, દિલ્હીએ ૪૦૦૦થી પણ વધુ શહેરનાં આશાવાદી ફૂટબોલરોને રોક્યા હતા. વર્ષ ૨૦૧૫નાં અંત સુધીમાં એસ એસ એફ એલ, દિલ્હી દ્વારા ૬૦૦ મેચો રમાઈ ચુકી હશે. યુફલેક્સ લિ.નાં ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર અશોક ચતુર્વેદીએ જણાવ્યું કે, ‘સમાજનાં સારા હીત માટે જે કાર્ય સારૂ હોય તેને સંપૂર્ણ સહકાર મળવો જ જોઈએ. સંસ્થા એસ એસ એફ એલ, અમદાવાદમાં આ સફળતા હાંસલ કરવા પ્રતિબદ્ધ છે.’ એસ એસ એફએલ ભારતમાં નાની વયથી જ ફૂટબોલ પ્રતિભાઓને ઓળખીને તેમનું સંવર્ધન કરીને શ્રેષ્ઠ ફૂટબોલ ખેલાડીઓ તૈયાર કરવામાં યોગદાન આપવાનુ અને તેના દ્વારા ભારતને આગળનાં સ્તરે પહોંચાડવાનું કાર્ય કરે છે.

## રોટેક્સ વર્લ્ડ ગ્રાન્ડ ફાયનલ્સમાં રિકી ડોનિસન ભારતનું પ્રતિનિધિત્વ કરશે

ચાલુ માસના અંત ભાગમાં પોર્ટુગલમાં યોજાનારી રોટેક્સ વર્લ્ડ ગ્રાન્ડ ફાયનલ્સમાં રિકી ડોનિસન ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ફોર્મ્યુલા વનની આ ટોપ ચેમ્પીયનશીપ્સમાં વિશ્વનાં ૭૦ દેશોથી પણ વધુના રેસરો ભાગ લઈ રહ્યાં છે. રિકી ડોનિસને તાજેતરમાં જ યોજાયેલી જેકે ટાયર નેશનલ રોટેક્સ મેક્સ કાર્ટિંગ ચેમ્પીયનશીપમાં સિનિયર મેક્સ કેટેગરીમાં જીત મેળવી હતી. પરિણામે તેને પોર્ટુગલમાં યોજાનારી પ્રતિષ્ઠિત રોટેક્સ ગ્રાન્ડ ફાયનલ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું પ્રતિષ્ઠિત બહુમાન પ્રાપ્ત થયું છે. પ્રોફેશનલ કાર્ટિંગ તે ફોર્મ્યુલા કાર રેસીંગ ફોર્મ્યુલા વન, ઈન્ડીકાર વગેરેનાં સ્વરૂપની એન્ટ્રી છે. ફોર્મ્યુલા વનનાં તમામ ટોચના ડ્રાઈવરો જેવા કે લુઈસ હેમિલ્ટન, જેન્સન બટન, ફર્નાન્ડીન્હો અલોન્સો, માઈકલ શુમેકર વગેરે છે. રિકી ડોનિસને માત્ર ત્રણ વર્ષનાં ટૂંકાગાળામાં જ પોતાને ચેમ્પીયન ડ્રાયવર તરીકે પ્રસ્થાપિત કર્યો છે. રિકીએ ૨૦૧૩માં જેકે ટાયર નેશનલ ચેમ્પીયનશીપમાં પોતાની વ્યવસાયિક રેસીંગ કારકિર્દીની શરૂઆત કરી હતી, જેમાં તેને જુનિયર મેક્સ કેટેગરીમાં ‘બેસ્ટ ન્યુકમર ઓફ ધ યર’નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ૨૦૧૪માં પણ તેણે તેજ કેટેગરીમાં આકરી સ્પર્ધા વચ્ચે પણ ચેમ્પિયનશીપ મેળવી હતી.